GCCI
GUJARAT CHAMBER OF
COMMERCE & INDUSTRY
(SINCE 1949)
(ગુજરાત વેપારી મહામંડળ)

૬ જુલાઇ, ૨૦૧૯ જીસીસીઆઇ/DYSGR/CS/૨૦૧૯-૨૦/7664

શ્રી વિજય નહેરા, IAS
મ્યુનિસિપલ કમિશ્નરશ્રી
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
દાણાપીઠ
અમદાવાદ-૩૮૦૦૦૧.

**વિષય : પ્લાસ્ટીકના વપરાશ અંગે.**
**સંદર્ભ: શ્રી અમદાવાદ મીઠાઇ-ફરસાણ તેમજ દૂધ અને માવાના વેપારીઓના મહાજનની રજૂઆત અંતર્ગત.**

**માનનીય સાહેબશ્રી,**

**ગુજરાત વેપારી મહામંડળ તરફથી આપને અભિવાદન !**

ઉપરોક્ત વિષય પરત્વે અમને વેપારીઓ તરફથી મળેલ રજૂઆત અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવી હોય તો અમને જાણ કરવા વિનંતી છે .

અમારી જાણ મુજબ ફુડ સેફટી એક્ટ અંતર્ગત ફુડ પેકેજીંગ અંગે BIS IS Code અમલમાં છે જેવા કે IS-10146, IS-10142, IS-10151, IS-10910, IS-11434, IS-11704, IS-12252, IS-12247, IS-13601, IS-13576, IS-14971, IS-14436, IS-13193, IS-2508, IS-14500, IS-7328, IS-14999, IS-2508, IS-7408, IS-14995 તો તમારા દ્વારા અપાયેલ નોટીસ આમાંથી ક્યા કોડના ઉલ્લંઘન અંગે છે તે જણાવવા વિનંતી છે તથા PWM Act-2016 અને PWM રૂલ્સ-૨૦૧૮ માં જણાવ્યા પ્રમાણે પ્લાસ્ટીક કેરીબેગ સરકારી ધારા-ધોરણ મુજબ ૫૧ માઇક્રોનથી વધુ હોવી જોઇએ જે વેપારીઓ દ્વારા પત્રમાં જણાવ્યા અનુસાર અમલ કરવામાં આવી રહેલ છે એ સિવાયના કોઇ ધારા-ધોરણનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હોય તો તેના અંગે અમને વિસ્તૃત માહિતી આપવા વિનંતી અને આવા ધારા-ધોરણો અંગેનું માર્ગદર્શન વેપારીઓને સરળતાથી મળી રહે તેવી જોગવાઇ કરવા વિનંતી છે.

વધુમાં વેપારીઓને પ્લાસ્ટીકના વપરાશ ફુડ અંગેના GPMC એક્ટ કાયદા-કાનૂનના અમલ અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે અંગેની કોઇ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ હોય તો નકલ ગુજરાત ચેમ્બર ખાતે મળી રહે તેવી આપને વિનંતી કરીએ છીએ.

Shri Ambica Mills-Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad - 380009 INDIA
+91 79 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org

આપશ્રીના ત્વરિત પ્રત્યુત્તર થી આગળ આવી રહેલ તહેવારોની સીઝનમાં વેપારીઓને પડતી કનડગતમાંથી મુક્તિ મળશે તથા તેમના દ્વારા દિવાળી સુધી મીઠાઇ-ફરસાણના વેપારમાં ઉપયોગમાં આવતાં વિવિધ પ્લાસ્ટીક પેકેજીંગ મટીરીયલ્સની બલ્ક કોન્ટીટીનો સ્ટોક કરેલ છે તેના ક્લીયરન્સ કરવાની મુદ્દતમાં ફેરફાર કરવા અનુરોધ કરીએ છીએ.

આપના સકારાત્મક પ્રત્યુત્તરની અપેક્ષા સહ,

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*

બિડાણ : ઉપર મુજબ

Shri Ambica Mills-Gujarat Chamber Building,
Ashram Road, Ahmedabad - 380009. INDIA
+91 79 2658 2301-2-3-4
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org